Extra No. 15

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ]                THURSDAY, JANUARY 8, 2026 / PAUSA 18, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર/૧૫૮/૨૦૨૫-આગામી તા.૦૪/૦૧/૨૦૨૬ ને રવિવારના રોજ ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર ધ્વારા "રાજયવેરા નિરીક્ષક, વર્ગ-૩"ની સ્પર્ધાત્મક પરીક્ષા અંતર્ગત અત્રેના જીલ્લામાં સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના અન્વયે જિલ્લા શિક્ષણાધિકારી, આણંદે તેમના તા. ૨૯/૧૨/૨૦૨૫ ના પત્ર નં.GPSC/૨૭/૨૨૭૫૦-૫૧થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સહીંતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૦૪/૦૧/૨૦૨૬.ના રોજ સવારના ૧૦:૦૦ થી સાંજના ૧૪:૦૦ કલાક દરમ્યાન સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધ -**

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસે સવારના ૧૦:૦૦ થી સાંજના ૧૪:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મિટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રેકાયેલ અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યક્તિ ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

**અપવાદ :-**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર ધ્વારા “રાજયવેરા નિરીક્ષક, વર્ગ-૩ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા માટે નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૩૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

-------------

**જાહેરનામુ**

**અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયેનો હુકમ.**

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૦૧/૨૦૨૬ આગામી તા.૧૪-૧૫/૦૧/૨૦૨૬ ના રોજ ઉત્તરાયણ તથા તા.૧૮/૦૧/૨૦૨૬ ના રોજ ખંભાત દરિયા કિનારે દરિયાઈ ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવનાર છે. તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૦૪/૦૧/૨૦૨૬ થી તા.૮/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૦૧/૦૧/૨૦૨૬ના પિત્રક્રમાંક:એલઆઈબી/કાવ્ય /જાહેરનામુ/૦૪/૨૦૨૬ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૦૪/૦૧/૨૦૨૬ થી તા.૧૮/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહીં, ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહીં.

**વિસ્તાર:** સમગ્ર આણંદ જીલ્લો.

**ખુલાસો:** આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

**અપવાદ:** આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાક સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

-------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.02 16:35:30 IST